અપીલ અરજી નં.૧૪૪ તા.૧૭–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૩–૭–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ જુનું જીવન જયોત સિનેમા, ઉધનામેઈન રોડ જયાં અત્યારે ત્યાં ખુબ જ મોટું બિલ્ડીંગ ઉભું થઈ ગયુ છે, તે કાયદેસર છે કે કેમ? તથા તેની વિકાસ પરવાનગી છે કે કેમ? નથી તો કોઈ પગલા કેમ ભરાતા નથી. મુદ્દા નં.ર સાઉથઝોન મેઈન દરવાજા સર્વોતમ હોટલની બાજુમાં આશરે ૭ થી ૮ માળનું બિલ્ડીંગ તૈયાર છે તેની વિકાસ પરવાનગી તથા કાયદેસરતા છે કે નહીં? પરવાનગી ન હોય તો કેમ પગલા ભરાતા નથી. મુદ્દા નં.૩ પ્લોટ નં.૧૯ ભીડ ભંજન સોસા. મરાઠી સ્કુલ સામે ૧ર૦ ફુટ રોડ, બમરોલી સ્થિત ૪ માળ જેટલી બિલ્ડીંગ પરવાનગી વિના બંધાઈ રહી છે તેની સામે કાયદેસર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? તેની કાયદેસરતા વિકાસ પરવાનગી ક્ષેત્રફળ, પાર્કીગ વિગેરેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૭–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૪/૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૩–૭–૦૯ ની અરજીથી મુદ્દા નં.૧ જુનું જીવન જયોત સિનેમા, ઉધનામેઈન રોડ જયાં અત્યારે ત્યાં ખુબ જ મોટું બિલ્ડીંગ ઉભું થઈ ગયુ છે, તે કાયદેસર છે કે કેમ? તથા તેની વિકાસ પરવાનગી છે કે કેમ? નથી તો કોઈ પગલા કેમ ભરાતા નથી. મુદ્દા નં.ર સાઉથઝોન મેઈન દરવાજા સર્વોતમ હોટલની બાજુમાં આશરે ૭ થી ૮ માળનું બિલ્ડીંગ તૈયાર છે તેની વિકાસ પરવાનગી તથા કાયદેસરતા છે કે નહીં? પરવાનગી ન હોય તો કેમ પગલા ભરાતા નથી. મુદ્દા નં.૩ પ્લોટ નં.૧૯ ભીડ ભંજન સોસા. મરાઠી સ્કુલ સામે ૧ર૦ ફુટ રોડ, બમરોલી સ્થિત ૪ માળ જેટલી બિલ્ડીંગ પરવાનગી વિના બંધાઈ રહી છે તેની સામે કાયદેસર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? તેની કાયદેસરતા વિકાસ પરવાનગી ક્ષેત્રફળ, પાર્કીગ વિગેરેની માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં કોઈ નિર્ણય મળ્યો નથી અને માહિતી મળેલ નથી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭ –૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/પપર તા.ર૮–૮–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઝોન/ટેક.૩પ૪પ તા.૭–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતીનો પત્ર નં.સા.ઝોન/ટેક./ર૩૭૮ તા.૧૮–૭–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૩–૭–૦૯ ની આઈ ડી નં.૧પ૮ (૬૦૦/૧૯૧) થી માંગવામાં આવેલી ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ સમય મર્યાદામાં કોઈ નિર્ણય મળેલ નથી તેવું જણાવી તા.૧૭–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./ર૩૭૮ તા.૧૮–૭–૦૯ થી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.૧ જુનું જીવન જયોત સિનેમા, ઉધનામેઈન રોડ જયાં અત્યારે ત્યાં ખુબ જ મોટું બિલ્ડીંગ ઉભું થઈ ગયુ છે, તે કાયદેસર છે કે કેમ? તથા તેની વિકાસ પરવાનગી છે કે કેમ? નથી તો કોઈ પગલા કેમ ભરાતા નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " જુનું જીવન જયોત સિનેમા ઉધના મેઈન રોડ પર ચાલતાં બાંધકામની વિકાસ પરવાનગી તથા રજાચિઠ્ઠી ટીડીઓ/ડી.પી/૧૧૪ તા.રર–૧૦–૦૭ થી આપવામાં આવેલ છે." તેવી માહિતી પૂરી પાડેલ છે. મુદ્દા નં.ર સાઉથઝોન મેઈન દરવાજા સર્વોતમ હોટલની બાજુમાં આશરે ૭ થી ૮ માળનું બિલ્ડીંગ તૈયાર છે તેની વિકાસ પરવાનગી તથા કાયદેસરતા છે કે નહીં? પરવાનગી ન હોય તો કેમ પગલા ભરાતા નથી.જે બાબતે "સા.ઝોન ઉધનાની બાજુમાં ઉધના મેઈન રોડ ઉપર સર્વોતર હોટલની બાજુમાં ચાલતાં બાંધકામની વિકાસ પરવાનગી તથા રજાચિઠ્ઠી ટીડીઓ/નં.ર૭૬ તા.ર–૧ર–૦૩ થી આપવામાં આવેલ છે. તેવી માહિતી આપેલ છે." મુદ્દા નં.૩ પ્લોટ નં.૧૯ ભીડ ભંજન સોસા. મરાઠી સ્કુલ સામે ૧ર૦ ફુટ રોડ, બમરોલી સ્થિત ૪ માળ જેટલી બિલ્ડીંગ પરવાનગી વિના બંધાઈ રહી છે તેની સામે કાયદેસર કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? તેની કાયદેસરતા વિકાસ પરવાનગી ક્ષેત્રફળ, પાર્કીગ વિગેરેની માહિતી માંગેલ. જે બાબતે " ૧ર૦ ફુટ બમરોલી રોડ મરાઠી સ્કુલની સામે આવેલ ભીડભંજન સોસા.ના પ્લોટ નં.૧૯ માં બીજા માળના ગેરકાયદેસર બાંધકામને બંધ કરવામાં આવેલ છે" તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. આમ અરજદારને નહીં મળેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૮–૭–૦૯ થી અરજી નિકાલની કલમ–૭(૧) હેઠળ નિર્દિષ્ટ સમય મર્યાદામાં પૂરી પડાયેલ છે તેમ છતાં અરજદારે તા.૧ ૭–૮–૦૯ ના રોજ માહિતી અને કોઈ નિર્ણય મળેલ નથી તેવી રજૂઆત અપીલમાં કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારીઓ તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેથી માહિતી સબંધે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદારને માહિતી નહીં મળી હોય તો પુનઃ નકલ મોકલી અત્રે જાણ કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,